# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯-A તા.૨૪-૦૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

A આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રાણ આપનાર શહીદોની સ્મૃતિમાં સોમવાર તા.૩૦-૦૧-૨૦૨૩ના રોજ સવારના ૧૧:૦૦ વાગે પોત પોતાની જગાએ શાંત ઉભા રહી તેમજ શક્ય હોય તો ભેગા મળી બે મિનિટ મૌન પાળવું. આ માટે સવારે ૧૦:૫૯ કલાકે જુદા-જુદા સ્થળોએ જ્યાં સાયરનની વ્યવસ્થા છે તે સર્વે એક મિનિટ માટે એટલે કે સવારે ૧૧:૦૦ કલાક સુધી સાયરન વગાડશે. સાયરન બંધ થાય કે તુર્તજ કામકાજ સ્થગિત કરી બે મિનિટ મૌન પાળવાનું રહેશે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧:૦૨ કલાકથી ૧૧:૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવાનું રહેશે તથા સ્થળોએ સાયરન અથવા કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં ૧૧:૦૦ કલાકે ૨ મિનીટ માટે મૌન પાળવા જણાવવામાં આવે છે.

B આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓમાં બે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવે છે.જે અન્વયે વાલી સંમેલન તા.૨૬-૦૧-૨૦૨૩ના રોજ કરવાનું થાય છે. સદર વાલી સંમેલનમાં ‘‘દિકરીની સલામ દેશને નામ’’ કાર્યક્રમની ઉજવણી તા.૨૬-૦૧-૨૦૨૩ના રોજ આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવ્યા અનુસાર કરવા જણાવવામાં આવે છે. (બિડાણ : સંદર્ભિત પત્ર-૧)

C આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તા.૨૫-૦૧-૨૦૨૩ના રોજ ‘રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૩’ની ઉજવણી આ સાથે સામેલ પ્રતિજ્ઞા લેવડાવવા જણાવવામાં આવે છે. (બિડાણ : પ્રતિજ્ઞા)

તા.૨૪-૦૧-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે
NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સઃ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email: - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

પત્રક્રમાંકઃએસએસએ/કોમ્યુ.મોબી/DSDN/૦૧/૨૦૨૩/ ૫૫૫-૫૯૨. તાઃ૦૪/૦૧/૨૦૨૩.

પ્રતિ,

૧. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સમગ્ર શિક્ષા, જિલ્લાઃતમામ,
૨. શાસનાધિકારી તમામ

વિષયઃ ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૩ પ્રજાસત્તાક દિન નિમિત્તે એસએમસી કક્ષાએ "દીકરીની સલામ દેશને નામ " કાર્યક્રમની સૂચના તેમજ માહિતી બાબત.

સંદર્ભઃ અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃએસ.એસ.એ./એમ.એન્ડ.ડી./૨૦૨૨/૩૦૧૬૩-૧૯૯, તાઃ૦૫/૦૮/૨૦૨૨.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે રાજ્યની તમામ શાળા/કેજીબીવી (મોડેલ-૩) કક્ષાએ સંદર્ભ દર્શિત પત્રથી ૧૫ મી ઓગસ્ટ તથા ૨૬ મી જાન્યુઆરીના રોજ વાલી સંમેલન કરવા જણાવેલ હતું. જે અન્વયે ૧૫મી ઓગસ્ટ-૨૦૨૨ ના રોજ એક વાલી સંમેલન પૂર્ણ થયેલ છે અને બીજું વાલી સંમેલન ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૩ ના રોજ કરવાનું થાય છે.

સદર વાલી સંમેલનમાં ૨૬મી જાન્યુઆરી-૨૦૨૩ "પ્રજાસત્તાક દિન" નિમિત્તે "દીકરીની સલામ દેશને નામ" કાર્યક્રમની ઉજવણીનું આયોજન કરવાનું થાય છે. સદર કાર્યકમની સૂચના સંદર્ભદર્શિત પત્ર અન્વયે આપને આપેલ છે. કાર્યક્રમ ખૂબ અસરકારક થાય તે હેતુથી જિલ્લા/તાલુકા/ ક્લસ્ટર/ગ્રામ્ય કક્ષાએ મહત્તમ પ્રચાર-પ્રસાર કરવા નીચે મુજબની સૂચનાઓ આપની કક્ષાએથી સંબધિતોને આપવા વિનંતી છે.

- ૨૨મી જાન્યુઆરી-૨૦૨૨ થી ૨૨ મી જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાનમાં જન્મેલી દીકરીઓને શાળા કક્ષાએ આમંત્રણ આપવું.
- આ કાર્યક્રમ માટે ગામની દીકરીઓ પૈકી જે દિકરીએ સૌથી વધુ શિક્ષણ મેળવેલ છે અને તે દીકરી હાલ ગામમાં રહેતી હોય તો તે દીકરીની પસંદગી કરી, તેને મુખ્ય અતિથિ બનાવી તેને પાસે ધ્વજવંદન કરાવવું.(ગામની દીકરીઓને વધુ પ્રોત્સાહન મળે તે માટે અત્યાર સુધી યોજાયેલ આ કાર્યક્રમ માટે જે તે વર્ષે પસંદગી પામેલ દીકરી સિવાયની દીકરીની પસંદગી થાય તેમ કરવું.) જો શાળામાં CWSN દીકરી હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

- કાર્યક્રમના ૦૭ દિવસ અગાઉથી ગામના નોટિસ બોર્ડ/મંદિરના લાઉડ સ્પીકર/અન્ય માધ્યમનો ઉપયોગ કરી આ કાર્યક્રમનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર કરવો.
- સદર કાર્યક્રમના બહોળા પ્રચાર-પ્રસાર માટે જિલ્લા કક્ષાએથી પ્રિન્ટ મીડીયા અને ઈલેક્ટ્રોનિક મીડીયાનો ઉપયોગ કરવાનો રહેશે.
- સીઆરસી કો.ઓ.ને પોતાના કલસ્ટરની અને બી.આર.સી.કો.ઓ.ને પોતાના તાલુકાની તમામ શાળાઓની આ કાર્યક્રમના આયોજન અંગેની માહિતી મેળવી કાર્યક્રમનું સમગ્ર આયોજન સુનિશ્ચિત કરવા જણાવવું.
- આ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે જિલ્લાના ડી.ડી.ઓશ્રી, કલેકટરશ્રી, ડાયટ પ્રાચાર્યશ્રી તેમજ જિલ્લા કક્ષાના અન્ય અધિકારીશ્રીઓને તાલુકાના પ્રભારી બનાવી શકાશે.
- ભારત સરકારના શિક્ષા મંત્રાલયના બેટી બચાવો બેટી પઢાઓ ફ્લેગશીપ કાર્યક્રમને વેગ આપવા તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે માટે સુચારૂ આયોજન કરવા જણાવવામાં આવે છે. સદર કાર્યક્રમની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી કયુઇએમ શાખા દ્વારા ફાળવવાની રહેશે. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય તે માટે મદદનીશ જીલ્લા કો.ઓર્ડીનેટર ક્યુ.ઈ.એમ. અને મદદનીશ જિલ્લા કો.આર્ડિનેટર-ગર્લ્સ એજ્યુકેશન સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત મદદનીશ જિલ્લા કો.આર્ડિનેટર ગર્લ્સ એજ્યુકેશન દ્વારા સામેલ પત્રક મુજબની માહિતી cs-gcsess@gujarat.gov.in ઇમેલ આઇ.ઇ.ડી પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

સદર કાર્યક્રમ માટે પત્રક-(એ) અને પત્રક-(બી) ની જરૂરી માહિતી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દિન-(૭) માં અત્રે મોકલી આપવા આપની કક્ષાએથી સંબધિતોને સુચના થવા વિનંતી છે.

પત્રક-(એ)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ શાળાની સંખ્યા | ૨૨મી જાન્યુઆરી-૨૦૨૨થી ૨૨મી જાન્યુઆરી-૨૦૨૩ દરમિયાનમાં જન્મેલી દીકરીઓની સંખ્યા | ૨૨મી જાન્યુઆરી-૨૦૨૨ થી ૨૨મી જાન્યુઆરી-૨૦૨૩ દરમિયાન જન્મેલી દીકરીઓમાંથી હાજર દીકરીઓ તથા માતા-પિતાની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | દીકરી | માતા | પિતા | અન્ય | કુલ |
| | | | | | | | | | |

પત્રક-(બી)

| Block Name | Cluster Name | Village Name | School Name. | Name of Flag Hoisting Girl | When she left the school Date | CWSN (Yes/No) | Education Qualification | Category | Age | Designation/ current work | Contact No |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

નાયબ નિયામક (RMSA)
સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર

**સવિનય નકલ રવાના :**

- પી.એ.ટુ. માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- પી.એ.ટુ. માન. એડી. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

શાળા આચાર્ય
પત્ર જાવક :
............પ્રાથમિક શાળા
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
તા:૨૬ મી જાન્યુઆરી- ૨૦૨૩

વ્હાલી દીકરી ........................................................

આશા છે કે તમે (તું )સ્વસ્થ હશો (કુશળક્ષેમ હશો )અને પોતાના કુટુંબમાં પ્રત્યેક ખુશીનો આનંદ માણતા હશો.તમે તમારા જીવનનાં પહેલા વર્ષમાં છો અને તમારી કિલકિલાટથી (હાસ્યથી)તમારું ઘર આંગણું ગુંજી રહયું હશે.અમે તમને જણાવવા ઈચ્છીએ છીએ કે તમારા ઘરની નજીક જ એક શાળા છે જેમાં આવનાર વર્ષોમાં તમારા નાના -નાના પગલાં પડશે અને તમે કેટલાંય વર્ષ ત્યાં શિક્ષણ મેળવનાર છો.

તમને (તને) એ પણ જણાવવાં ઈચ્છીએ છીએ કે,અમે ૨૬ મી જાન્યુઆરીએ ભારત ગણરાજ્યનો ગણતંત્ર દિવસનો ઉત્સવ ઉજવીએ છીએ.આ દિવસે ગામની સૌથી વધુ ભણેલી તમારી મોટી બહેન (દીદી) ધ્વજ વંદન કરશે અને આ ગણતંત્ર ઉત્સવને ઉજવવા બધા બાળકો, મોટેરાઓ ભાગ લેશે, તો હવે તમે પણ અહીંના નાગરિક છો તો આ ગણતંત્રના ઉત્સવમાં (પર્વમાં)તમારે ઉપસ્થિત રહેવું એ અતિ આવશ્યક છે.

આથી તમારી નજીકની શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ તમને આ ઉત્સવમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવીએ છીએ.તમને બેસવા માટેની વ્યવસ્થા સૌથી પહેલી હરોળમાં કરેલ છે,જેથી તમે કોઇ પણ વિક્ષેપ વગર આ કાર્યક્રમને જોઈ શકો.આશા છે કે તમે આ કાર્યક્રમમાં સકુટુંબ પધારશો અને પોતાની નજીકની શાળામાં પહેલા ભ્રમણ કરશો.ખુબ ખુબ શુભ કામનાઓ સાથે ફરીથી વ્હાલભર્યું આમંત્રણ...
ઠંડી બહુ છે,પોતાની સંભાળ લેવી,આશા છે કે આ ૨૬ મી જાન્યુઆરીએ મુલાકાત અવશ્ય થશે."

દીકરી...........................................................
સુપુત્રી શ્રીમતિ...........................................................
સુપુત્રી શ્રી...........................................
સરનામું .............................................

આશીર્વાદ સાથે
તમારી નજીકની શાળા અને
તથા શાળા વ્યવસ્થાપન સમિતિ

શાળા આચાર્ય
પત્ર જાવક :
............પ્રાથમિક શાળા
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
તા:૨૬ મી જાન્યુઆરી- ૨૦૨૩

વ્હાલી દીકરી ...................................................

આશા છે કે આપ કુશળક્ષેમ હશો અને પોતાના કુટુંબમાં પ્રત્યેક ખુશીનો આનંદ માણતા હશો. આપને જણાવવાં ઈચ્છીએ છીએ કે ૨૬ મી જાન્યુઆરીએ ભારત ગણરાજ્યનો ગણતંત્ર દિવસ છે અને આપ દુનિયાના સૌથી મોટા લોક તંત્ર દેશના નાગરિક છો. અમે દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ ગણતંત્રનો ઉત્સવ ઉજવીએ છીએ.જેમાં ગામની સૌથી વધુ ભણેલી દીકરી દ્વારા ધ્વજારોહણ કરાવીએ છીએ. ચાલુ વર્ષે અમોએ શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા શાળામાં ધ્વજારોહણ માટે આપની પસંદગી કરેલ છે જે શાળા અને ગામ માટે ખૂબ જ ગર્વની બાબત છે.આ ગણતંત્ર ઉત્સવને ઉજવવા બધા બાળકો, મોટેરાઓ ભાગ લેશે, તો આ ગણતંત્રના ઉત્સવમાં (પર્વમાં) આપને ઉપસ્થિત રહેવું એ અતિ આવશ્યક છે.

આથી શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ આપને આ ઉત્સવમાં સકુટુંબ ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવે છે.જેમાં ધ્વજારોહણ કરી ગામની અન્ય દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરશો તેવી આશા છે.

દીકરી.....................................................
સુપુત્રી શ્રીમતિ..............................................
સુપુત્રી શ્રી.....................................
સરનામું .....................................

આશીર્વાદ સાથે
આપની શાળા અને
શાળા વ્યવસ્થાપન સમિતિ

# ELECTION COMMISSION OF INDIA

Pledge For National Voters' Day, 25th January 2023

## मतदाताओं द्वारा ली जाने वाली शपथ

"हम, भारत के नागरिक, लोकतंत्र में अपनी पूर्ण आस्था रखते हुए यह शपथ लेते हैं कि हम अपने देश की लोकतांत्रिक परम्पराओं की मर्यादा को बनाए रखेंगे तथा स्वतंत्र, निष्पक्ष एवं शांतिपूर्ण निर्वाचन की गरिमा को अक्षुण्ण रखते हुए, निर्भीक होकर, धर्म, वर्ग, जाति, समुदाय, भाषा अथवा अन्य किसी भी प्रलोभन से प्रभावित हुए बिना सभी निर्वाचनों में अपने मताधिकार का प्रयोग करेंगें"।

## Voters' Pledge

"We, the citizens of India, having abiding faith in democracy, hereby pledge to uphold the democratic traditions of our country and the dignity of free, fair and peaceful elections, and to vote in every election fearlessly and without being influenced by considerations of religion, race, caste, community, language or any inducement".